ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૨૬ ટકા ● સાંજે ૧૩ ટકા

# સિવિલમાં છેલ્લા ૧૦ દિવસમાં કમળાના ૨૪ દર્દીઓ નોંધાયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેરમાં પાણીજન્ય રોગચાળાએ માથું ઉચક્યું હોય તેવું લાગી રહ્યું છે. શહેરની હોસ્પિટલમાં છેલ્લા ૧૦ દિવસમાં ટાઈફોઈડના ૫, કમળાના ૨૪, ઝાડા-ઉલ્ટીના તેમજ મેલેરીયાના ૩ કેસ નોંધાવા પામ્યા છે. પાણીજન્ય રોગચાળાએ દેખાદેતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ દર્દથી કણસતા નજરે પડે છે. હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધાને પગલે દર્દીઓનો પણ ભારે ધસારો જોવા મળે છે. હોસ્પિટલના પાંચ માળની ઓપીડી અને ૬૦૦ બેડની ઈન્ડોર બિલ્ડીંગ પણ દર્દીઓથી ઉભરાય છે. અત્યારે હાલ ઉનાળાની કાળઝાળ ગરમી પડી રહી છે. નાગરીકો ગરમીથી બચવા પાણીજન્ય ચીજવસ્તુનો વિશેષ ઉપયોગ કરી રહ્યા છે. ત્યારે બજારમાં મળતી અખાદ્ય ચીજવસ્તુને કારણે રોગચાળાએ માથું ઉચક્યું હોય તેવી પરિસ્થિતિ ઉદભવી છે. સામાન્ય રીતે ચોમાસાની સિઝનમાં વાહકજન્ય રોગચાળાના દર્દીઓ વધુ માત્રામાં જોવા મળતા હોય છે. વરસાદમાં ગંદકી, મચ્છર અને ભરાઈ રહેલા પાણીને પગલે વિવિધ રોગ ફેલાતા હોય છે ત્યારે ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં સામાન્ય રીતે હીટ-વેવ, તાવ, ઉધરસ તેમજ શરદી-ખાંસીના દર્દીઓ વિશેષ રુપે જોવા મળતા હોય છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં ગત્ તા.૧ થી ૧૦ એપ્રિલ દરમિયાન ટાઈફોઈડના ૫, કમળાના ૨૪, ઝાડા-ઉલ્ટીના ૨૭ તેમજ સાદા મેલેરીયાના ૩ ના કેસ નોંધાયા છે. ઉનાળામાં પણ પાણીજન્ય રોગચાળાએ શહેરમાં માથું ઉંચકતા તંત્ર પણ હરકતમાં આવી ગયું છે. ત્યારે ગાંધીનગર શહેરના આરોગ્ય વિભાગ દ્વારા ખાદ્યચીજોની લારીઓ ઉપર જઈ ચેકીંગ હાથ ધરવામાં આવે તો નવાઈ નહીં.



## ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા સફાઈ ઝુંબેશ

ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતગર્ત ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડીટોરીયમની આસપાસના વિસ્તારમાં સાફ સફાઈ કરીને તમામ કચરો એકત્ર કરી દેવામાં આવ્યો હતો. પાર્કીંગ તેમજ પાછળની સાઈડમાં રહેલો કચરોવાળીને સમગ્ર વિસ્તાર ચોખ્ખો ચણક કરી દેવાયો હતો. ઉપરાંત સેકટર-૬ અપના બજારની આસપાસ રહેલી તમામ જગ્યાની સફાઈ કરીને કચરાનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ સફાઈ ઝુંબેશમાં યુવા મોરચાના પ્રમુખ અમિત પટેલ, મહામંત્રી મયુર પટેલ, ધવલ દવે, મંત્રી રાજેન્દ્રસિંહ કાઠીયા, યુવરાજસિંહ ચાવડા, જીગર પટેલ સહિતના કાર્યકરો હાજર રહ્યા હતા.

# ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા.) દ્વારા લોન વસુલાત માર્ગદર્શન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ.જાતિ), ગાંધીનગર દ્વારા મહિલા સમૃધ્ધિ યોજના, માઈક્રોકેડીટ ફાયનાન્સ યોજના અંતર્ગત અપાયેલ લોનના લાભાર્થીઓ માટે લોન વસુલાત માર્ગદર્શન શિબિરનું આયોજન આજ રોજ ડૉ. આંબેડકર ભવન, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ શિબિરને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અ.જા)ના અધ્યક્ષ શ્રી પ્રવિણ પંડયાના હસ્તે દીપ પ્રાગટ્ય કરીને ખુલ્લી મુકવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. આંબેડકર અંત્યોય વિકાસ નિગમ(અ.જા)ના અધ્યક્ષ શ્રી પ્રવિણભાઈ પંડયાએ જણાવ્યું હતું કે, રાજયના મુખ્ય મંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્ય મંત્રી શ્રી નિતીનભાઈ




પટેલના નેતૃત્વ વાળી સરકારમાં દલિત સમાજના વિકાસ માટે ડૉ. આંબેકડર અંત્યોદય વિકાસ નિગમની રચના કરવામાં આવી છે. આ નિગમ દ્વારા દલિત સમાજના યુવાનોને સ્વરોજગારીના વ્યવસાય માટે મહિલા સમૃધ્ધિ યોજના અને માઈક્રોકેડીટ ફાયનાન્સ યોજના હેઠળ રૂ. ૫૦ હજારની લોન અને પેસેન્જર ઓટોરીક્ષા આપવામાં આવી છે.

તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ નિગમના માધ્યમથી જે લોન સહાય આપવામાં આવી છે. તે લોનની ચુકવણી લાભાર્થીઓ નિયમિત કરે અને પુરેપુરી ભરપાઈ કરે તે અંગેની જાગૃતિ અર્થે આ શિબીરનું આયોજન કરવામાં આવ્યું છે. નિયમિત લોનના હપ્તા ભરવાથી તેમને ભવિષ્યમાં શું ફાયદા થશે તે અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

આ પ્રસંગે દેના ગુજરાત ગ્રામીણ બેંકના મેનેજર શ્રી કે.એમ.પટેલ અને બેંક સ્ટાફ દ્વારા સર્વે લાભાર્થીઓને લોનના હપ્તા કેમ ભરવા અને ભવિષ્યમાં તેમને નિયમિત હપ્તા ભર્યો હોય તો તેમને શું ફાયદા થશે. તેની વિસ્તૃત માહિતી આપી હતી.

આ કાર્યક્રમમાં ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ(અ.જા.)ના મેનેજીંગ ડીરેકટર શ્રી પી.આર.ટાંક, મેનેજર શ્રી આર.બી.વસાવા, નિગમની કચેરીના અધિક્ષક શ્રી જી.પી.પુરાણી સહિત મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## @ગાંધીનગર

● જિલ્લા વહીવટીતંત્ર, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા શાસનાધિકારી કચેરી, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે ગાંધીનગર શહેર વિસ્તારની ૩૩ સરકારી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓની સર્જનાત્મક અભિવ્યકિતને ખીલવવા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન સવારે ૮.૧૫ કલાકે સે-૧૭, ટાઉનહોલ ખાતે રાખેલ છે.

● ગાંધીનગર મહાનગર ભાજપ યુવા મોરચા દ્વારા સે-૩૦, નમસ્તે સર્કલ તેમજ ધોળાકુવા સર્કલ ખાતે હેલ્થ ચેક અપ કેમ્પ યોજાશે.

## રોટરી કલબ ગાંધીનગર દ્વારા ઉનાવા ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૧

રોટરી કલબ ઓફ ગાંધીનગર અને પ્રજના હલ્થકેરના સંયુકત ઉપક્રમે નિશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ ગાંધીનગર નજીક આવેલ ઉનાવા ગામે સ્થિત શેઠ સી.સી.શાહ વિદ્યાલય ખાતે આગામી તા.૧૬ એપ્રિલને રવિવારના રોજ સવારે ૮.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ કેમ્પમાં ઈસીજી અને પીએફટી ટેસ્ટ વિનામુલ્યે કરી આપવામાં આવશે. ઉપરાંત ચશ્માના ફકત રૂ.૨૦ તેમજ જરુરી દવાઓ પણ ફ્રીમાં દર્દીઓને વિતરણ કરાશે. જયારે ડાયાબિટીસના દર્દીઓ માટે ચેકઅપ ફ્રી તેમજ દરેક વ્યકિતને રૂ.૨૦૦૦નું હેલ્થકાર્ડ ફ્રી આપવામાં આવશે. ડો. જયંત ત્રિવેદી, રોટરીના પ્રમુખ એન.પી.પટેલ, સેક્રેટરી ડો.દિપક બારોટ, સમીર ત્રિવેદી, કિરણ પટેલે આ મેડીકલ સર્વરોગ નિદાન કેમ્પનો લાભ લેવા શહેરના તેમજ ગામના નાગરીકોને અનુરોધ કર્યો છે.

## આઈ લવ માય ગાંધીનગર



**સંતોકબેન કે ચૌધરી**
**આચાર્ય, શ્રી જે એમ ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય**

**ગાંધીનગર ગમે**

પ્રકૃતિ સાથેનો નાતો સતત જોડાઈ રહે છે અને કુદરતી સાદું, સરળ જીવન જીવી શકાય છે. શહેર જેવી સગવડો છતાં શહેર જેવી ધાંધલ-ધમાલ કે પ્રદૂષણ નહિ એવું ગાંધીનગર મારી કર્મભૂમિનું શહેર હોવાથી પણ મને ગમે છે.

**નગરજનો**

રાત્રે વહેલા સૂઈ સવારે વહેલા ઊઠનારા અને શિસ્તપૂર્ણ નિયમિત જીવન જીવતાં નગરજનો આ શહેરની ઘટમાળમાં જોડાઈ ગયા છે. વિવિધ ઉત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમો, ધાર્મિક ઉત્સવો વગેરે વિવિધતામાં એકતાનું દર્શન કરાવે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગાયત્રી પરિવાર દ્વારા બાળ વિકાસના કાર્યક્રમો તેમજ સાહિત્ય પરિષદની વિવિધ પ્રવૃત્તિઓ ખૂબ ગમે છે. નિસર્ગ સાયન્સ સૅન્ટર, સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા, સ્પૉટ્ર્સ ઑથોરિટી ઑફ ગુજરાત, જુનિયર સિટિઝન કાઉન્સિલ, ચિલ્ડ્રન યુનિવર્સિટી, ભારત વિકાસ પરિષદ, ટાટા બિલ્ડીંગ ઍસો કૉમ્પિટીશન, આત્મન ફાઉન્ડેશન, જ્યોતિ મહિલા મંડળ, ગાંધી મિત્ર વર્તુળ, લાયન્સ ક્લબ, રૉટરી ક્લબ, કલ્ચરલ ફોરમ, કલાગુર્જરી વગેરે સંસ્થાઓના કાર્યક્રમ ખૂબ ગમે છે.

**નગરને બહેતર બનાવવા**

શિક્ષણ, કન્યા કેળવણી અને કન્યાઓ માટે સ્વરક્ષણ કલાની તાલીમ જરૂરી છે.

**નગર માટે હું કરી શકું**

ગાંધીનગરની આજુબાજુ તેમજ અંતરિયાળ ગ્રામ વિસ્તારમાંથી આવતી બાળાઓના સર્વાંગી વિકાસ માટે સતત યોગદાન આપી શકું એમ છું.

# હનુમાન જયંતિ નિમિત્તે સહયોગ સંકુલ ખાતે સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ

ગાંધીનગર, તા.૧૧

હનુમાન જયંતિ નિમિત્તે આજ રોજ ગાંધીનગરના હાર્દ સમા સેકટર-૧૧માં આવેલા સહયોગ સંકુલમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાનો આરંભ બપોરના ૩.૦૦ કલાકે થયો હતો. કથામાં સહયોગ સંકુલમાં બેસતી તમામ જિલ્લા કક્ષાની સરકારી કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓએ સત્યનારાયણ ભગવાનના દર્શન કરીને પ્રસાદ ગ્રહણ કર્યો હતો. કથાના યજમાન પદે સિક્યોરીટીમાં ફરજ બજાવતા



પ્રકાશભાઈ બારોટ (મહારાજ) અને તેમનો પરિવાર બેઠો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન પાટનગર યોજના ભવનના મદદનીશ ઈજનેર શ્રી ખંજનભાઈ આહીરના માર્ગદર્શન હેઠળ શ્રી મહેન્દ્રભાઈ વાળા અને સિક્યોરીટીમાં ફરજ બજાવતા કર્મયોગીઓ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું.




ગાંધીનગરની લાયોનેસ કલબ દ્વારા જુના સચિવાલય ઘોડિયા ઘરમાં બાળકોને ગરમીની સીઝનમાં દૂધ-પાણી તથા નાસ્તાની યોગ્ય વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી રેફ્રિજરેટરનું દાન આપવામાં આવ્યું હતું. આ રેફ્રિજરેટર દાતા જયોત્સનાબેન ભટ્ટ, રક્ષિતાબેન ઉપાધ્યાય તથા જયોતિબેન પંચાલ દ્વારા સંયુકત પણે દાન આપવામાં આવ્યું હતું. આ સદકાર્યમાં સંસ્થાના પ્રમુખ દેવલબેન જોષી, એરિયા કો-ચેરપર્સન વૈશાલીબેન જોષી, સેક્રેટરી મિત્તલ રાણા તથા અન્ય મહિલા સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

# સે-૧૨ મા. શાળા પાસે ડયુટી પર તૈનાત હોમગાર્ડ જવાનનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૧

શહેરના સેકટર-૧૨ ખાતે માધ્યમિક શાળા પાસે ડયુટી પર તૈનાત હોમગાર્ડ જવાનને ૯મી એપ્રિલે રાત્રે હાર્ટ એટેક આવી જતા તાત્કાલિક હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. ૫૪ વર્ષીય આ હોમગાર્ડ જવાનનું ગઈ મોડી સાંજે હોસ્પિટલમાં સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સેકટર-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પીએમ કરાવી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેકટર-૭ ખાતે રહેતા ૫૪ વર્ષીય નરેન્દ્રભાઈ કાંતિલાલ રાણા હોમગાર્ડ જવાન તરીકે નોકરી કરતા હતાં. ૯ એપ્રિલે રાત્રે ૧૧ વાગ્યે નરેન્દ્રભાઈ તેમને ફાળવવામાં આવેલા ડયુટી પોઈન્ટ સે-૧૨ સ્વામી વિવેકાનંદ હાઈસ્કુલ પાસે ફરજ બજાવવા પહોંચ્યા હતા. પંદરેક મિનિટમાં તેમને અચાનક છાતીમાં દુઃખાવો ઉપડયો અને તાત્કાલીક તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. હાર્ટ એટેક આવવાથી તેમની તબિયત લથડી હતી. સારવાર શરુ કરવામાં આવી પરંતુ તબિયત ખુબ નાજુક હતી. સારવાર દરમિયાન ગઈ મોડી સાંજે તેમનું હોસ્પિટલમાં જ પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. ચાલુ ફરજે હાર્ટ એટેક આવતા મોતને ભેટેલા હોમગાર્ડ જવાનના સમાચારથી ગાંધીનગરના હોમગાર્ડ જવાનોમાં શોકની લાગણી છવાઈ જવા પામી છે. સે-૭ પોલીસ મથકના જમાદાર પ્રવિણસિંહે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## બીએસએનએલ ગુજરાતના સીજીએમ સાથે સીધો સંપર્ક કરવા જોગ

ગાંધીનગર, તા.૧૧

ભારત સંચાર નિગમ લિમિટેડ, ગુજરાત સર્કલ દ્વારા લાઈવ ટિવટર ચેટ (ટિવટર ટાઉન હોલ)નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત ગ્રાહકો બીએસએનએલના ચીફ જનરલ મેનેજરશ્રીને પોતાના મંતવ્યો, ફરિયાદ કે બીએસએનએલને લગતી રજૂઆતો કરી શકશે. આ કાર્યક્રમનું આયોજન તા. ૧૩-૪-૨૦૧૭ના રોજ બપોરે ૧૨ થી ૧ના સમય દરમિયાન કરવામાં આવે છે. આ બાબતે આયોજિત કાર્યક્રમમાં જોડાવા અને પોતાના મંતવ્યો રજુ કરવા બીએસએનએલના સીજીએમ સાથે **#TalkToCGMBSNLGJ** પર જોડાવા ગ્રાહકોને આમંત્રણ છે.

# મેડીકલના વિદ્યાર્થીઓ માટે ‘હતાશા’ અંગે કવીઝ યોજાઈ




ગાંધીનગર, તા.૧૧

વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે આરોગ્યના અલગ અલગ વિષય પર ભાર મુકવામાં આવે છે જેથી નાગિરકોને આ બાબતે જાગૃતિ આવે. આ પ્રસંગે સિવિલ હોસ્પિટલના કમ્યુનિટી વિભાગમાં કવીઝનું આયોજન કરાયું હતું.

વર્ષ ૨૦૧૭ના વિશ્વ આરોગ્ય દિનનું સૂત્ર ‘હતાશા-ચાલો તે વિષય પર વાત કરીએ’ છે. હાલમાં ભારતના નાગરિકોમાં ડિપ્રેશનનું પ્રમાણ ૧૦ થી ૨૫ ટકા જેટલું છે. પુરુષો કરતા મહિલાઓમાં ડિપ્રેશનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

આ દિનની ઉજવણી નિમિત્તે સિવિલ હોસ્પિટલના કમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા એમબીબીએસના વિદ્યાર્થીઓમાં ડિપ્રેશન પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી વિભાગના વડા ડૉ. પી.બી. વર્માના માર્ગદર્શન હેઠળ ડૉ. નિલેષ ઠાકોર દ્વારા એક કવીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં એમબીબીએસના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કવીઝ દ્વારા ડિપ્રેશનના તમામ પાસાઓ પર એમબીબીએસના વિદ્યાર્થીઓ દ્વારા જાણકારી આપવામાં આવી હતી. આ કવીઝમાં ડૉ. નેહા, ડૉ. ધારા, ડૉ. પાયલ, ડૉ. ચિરંજીવ સહિત વિભાગના તમામ સ્ટાફ ગણે સક્રિય ભાગ ભજવીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. એમબીબીએસના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતા મૌલિન, આશના અને ભૂમિ આ કવીઝમાં વિજેતા બન્યા હતા.

કાર્યક્રમના અંતિમ તબક્કામાં સિવિલ હોસ્પિટલના માનસિક રોગ વિભાગના ડૉ. ચિંતન દ્વારા ‘પ્રેમ અને હતાશા’ વિષય પર ગહન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વણકર સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૧

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા આગામી તા.૨૧મી મે રવિવારના રોજ બપોરે ૩ કલાકે સરસપુર ખાતેના ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલમાં વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓ માટે જીવનસાથી પસંદગી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ જીવનસાથી પસંદગી મેળામાં ગાંધીનગરના વણકર સમાજના લગ્નોત્સુક યુવક યુવતિઓએ સામેલ થવા માટે સેકટર-૭-બીમાં પ્લોટ નં. ૫૪૦/૨ ખાતે ડી.એમ. પરમારનો સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવ્યું છે. આ જીવનસાથી પસંદગી મેળાનું અહીંથી નિયત ફોર્મ મેળવી ઉમેદવારોએ ગુજરાત-અમદાવાદ વણકર સેવા સમાજની નાણાં ભર્યાની પહોંચ મેળવી લેવા અનુરોધ કરવામાં આવ્યો છે જેથી પસંદગી મેળામાં ભાગ લેવામાં સરળતા રહેશે. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫મી એપ્રિલ જણાવાઈ છે અને સભ્ય ફી રૂ.૨૫૦ રાખવામાં આવી છે.

# સેકટર-૨ ૩ની વિવિધ સમસ્યાઓની રજુઆત

**નમી પડેલા વૃક્ષનું ટ્રીમીંગ કરવા, બાંકડાઓની સુચારૂ વ્યવસ્થા કરવા તેમજ જંગલખાતાની જમીનમાં ગેરકાયદેસર ઝુંપડપટ્ટીને દૂર કરવા સહિતની સમસ્યાઓના ઉકેલની માંગણી, તંત્ર એ વનવિભાગને કાર્યવાહી કરવા જણાવ્યું**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સેકટર-૨૩માં આવેલા વિરાટનગર તથા સૌરભ સોસાયટીના રહીશોએ વસાહતમાં ઉભી થયેલી સમસ્યાઓ અંગે મ્યુ. કાઉન્સીલરને રજુઆત કરી હતી. જે રજુઆતોને કાઉન્સીલરે લેખિતમાં મહાનગરપાલિકાના વહીવટીતંત્રને જાણ કરી યોગ્ય નિકાલની માંગ કરી હતી. જેના ઉકેલ માટે વહીવટીતંત્રએ તાત્કાલિક પગલાં લઈ સંબંધિત તંત્રને કાર્યવાહી કરવા જણાવી દીધું છે. કાઉન્સીલર અને વહીવટીતંત્રની સક્રિયતાને સોસાયટીના રહીશોએ આવકારી પ્રજા લક્ષી બાબતોને પ્રાધાન્ય મળ્યાનો સંતોષ વ્યકત કર્યો છે.

મળેલ વિગત મુજબ સેકટર-૨૩માં આવેલ વિરાટનગર સોસાયટીમાં આવકારના બગીચામાં એક તોતીંગ વૃક્ષ ટ્રીમીંગના અભાવે બાજુમાં રહેલા ફલેટ તરફ નમી ગયું છે. આ વૃક્ષ જો કોઈ કારણસર ધરાશાયી થાય તો જાન માલને ભારે નુકશાન થાય તેમ છે તેમજ આ બગીચાની બહાર મુકેલા ૮ થી ૧૦ બાંકડાનો અસામાજીક તત્વો તથા અન્ય રીતે દૂરઉપયોગ થઈ રહ્યો છે. જે પણ સોસાયટીના રહીશો માટે ખતરા સમાન બન્યું છે. જયારે સૌરભ સોસાયટીની સામે આવેલ જંગલખાતાની જમીનમાં ઝુંપડપટ્ટીનું પ્રમાણ ખુબ જ વધી ગયું હોવાનું પણ ધ્યાને આવ્યું છે અને તેઓ દ્વારા ગંદકી પણ ફેલાવાઈ રહી હોવાનું જણાઈ આવ્યું છે.

ઉપરોકત સમસ્યાઓ અંગે સ્થાનિક રહીશો દ્વારા મ્યુનિ. કાઉન્સીલર અંકિત બારોટને રજુઆત કરવામાં આવી હતી. જેને કાઉન્સીલરે તાત્કાલિક ધોરણે પ્રાધાન્ય આપી સવિસ્તર હકીકત સાથે ગાંધીનગર નાયબ મ્યુનિસિપલ કમિશનરને લેખિતમાં રજુઆત કરી ઉકેલની માંગણી કરી હતી. જેનો તંત્રએ ત્વરિત ધોરણે અમલ કરી વૃક્ષના ટ્રીમીંગ કરવા તથા જંગલખાતાની જમીનમાંથી ઝુંપડપટ્ટીને દૂર કરવા વનવિભાગને કાર્યવાહી કરવા લેખિતમાં જણાવી દીધું છે. વોર્ડ નં. ૪માંથી ચુંટાયેલા પ્રતિનિધિ અંકિત બારોટની પ્રજાલક્ષી કામગીરીને રહીશોએ આવકારી છે અને રહીશોની સમસ્યા તેમજ જરુરિયાત ઉપર સતત સક્રિય રહી કામગીરીની પણ સવિશેષ નોંધ લીધી છે.

## ચિરવિદાય

- સ્વ. મણીબેન શામળદાસ પટેલ, ઉ.વ. ૯૬
- સ્વ. લીલાબેન ઈશ્વરભાઈ બજાણીયા, ઉ.વ. ૩૫
- સ્વ. રાઠોડ સવિતાબેન ઈશ્વરભાઈ, ઉ.વ. ૫૩
- સ્વ. મંગુબેન ડાહ્યાભાઈ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. મણાજી શંકાજી ઠાકોર, ઉ.વ. ૬૬